॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલર
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૩૦૦૮ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... ગુરૂવારે શેરબજારમાં કારોબારની શરૂઆત તેજી સાથે થઈ હતી.સેન્સેક્સ ૧૨૬ પોઈન્ટના ઉછાળા સાથે ૭૬૫૩૨ ના સ્તરે હતો જ્યારે નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૪૪ પોઈન્ટની ઉછાળા સાથે ૨૩૨૪૦ના સ્તરે કામકાજ કરી રહ્યો હતો,જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૧૨૨ પોઈન્ટની ઉછાળા સાથે ૪૮૭૭૦ના સ્તરે કામકાજ કરી રહ્યો હતા. મેક્સિકો અને કેનેડા પર ૨૫%ની ટેરિફ વધારવાની સાથે આગામી મહિનાઓમાં વિશ્વભરના દેશો પર વધતે-ઓછે અંશે ટેરિફમાં વધારો થશે એવી સંભાવના પાછળ ભારત પણ આમાંથી બાકાત નહીં રહે તેવી દહેશતે ભારતીય શેરબજારમાં દરેક ઉછાળે સાવચેતી જોવા મળી રહી છે.

જાન્યુઆરી માસમાં સ્થાનિક ફંડો અને સંસ્થાઓની અંદાજીત રૂ. ૫૩૫૦૦ કરોડની ખરીદી સામે એફપીઆઈએ રૂ. ૫૧૦૦૦ કરોડની વેચવાલીના દબાણે સેન્સેક્સ-નિફ્ટી અંદાજીત ૨.૫% ઘટ્યા છે જ્યારે મિડકેપ તેમજ સ્મોલકેપમાં ૫% થી વધુનો ઘટાડો થયો છે. એફઆઈઆઈની સતત વેચવાલી તેમજ આર્થિક મંદીની ભીતિ વચ્ચે રોકાણકારો ટ્રમ્પની નીતિ અને આગામી બજેટમાં રજૂ થનારી જાહેરાતો મુદે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ટ્રમ્પના આગમન પછી આરંભમાં નીચો ઉતર્યો હતો પરંતુ ત્યારબાદ ટ્રમ્પ દ્વારા કેનેડા તથા મેક્સિકો પર ફેબ્રુઆરી માસથી ૨૫% સુધીની ટેરીફ લાદવાનો સંકેત અપાતાં ડોલર સામે રૂપિયામાં મોટી અફડાતફડી જોવા મળી હતી, જ્યારે ટ્રમ્પે અમેરિકામાં ક્રૂડનું ઉત્પાદન વધારવા તથા વ્યુહાત્મક સ્ટોક વધારવાના સંકેતોએ ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

શરૂઆતના વેપારમાંના ટોપ ગેઈનર્સમાં લાર્સેન,ગ્રાસીમ, કોટક મહિન્દ્રા બેન્ક, એચડીએફસી બેન્ક, ભારતી એરટેલ, વોલ્ટાસ, રિલાયન્સ, ભારત ફોર્જ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ડીએલએફ જેવા શેરમાં વધારો જોવા મળ્યો હતો. ટોપ લુઝર્સમાં ટીસીએસ, ટોરેન્ટ ફાર્મા, એસીસી, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનોલોજી, સન ફાર્મા જેવા શેરમાં ઘટાળો જોવા મળ્યો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૩%ના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૬૧% વધીને અને નેસ્ડેક ૧.૩૧% વધીને સેટલ થયા હતા.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૬૧% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૨% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં ગુરૂવારે કુલ ટ્રેડીંગ થયેલી ૩૧૦૪ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૭૪ અને વધનારની સંખ્યા ૧૭૮૪ રહી હતી,૧૪૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો.જ્યારે ૭૨ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૬૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪ - ૨૫ માટે દેશનો જીડીપી વૃદ્ધિ દર ૬.૪% રહેવાનો અંદાજ જાહેર કર્યો છે, જ્યારે ગત નાણાકીય વર્ષમાં દેશની અર્થવ્યવસ્થા ૮.૨%ના દરે વૃદ્ધિ પામી હતી. છેલ્લા કેટલાક સમયથી ઘટતા વોલ્યુમ સાથે બજાર કોન્સોલિડેટ થઈ રહ્યું છે તે બજારમાં ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર્સના ઘટેલા રસને સૂચવે છે. હવે જો વધુ લાંબો સમય કોન્સોલિડેશનની સ્થિતિ રહેશે તો આની વિપરીત અસર થઈ શકે છે, જો કે હવે વૈશ્વિક મોરચે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાનું સુકાન સંભાળતા વિશ્વની વેપાર નીતિ પર તેની અસર અને જીઓપોલિટીકલ પરિબળ કેવા વળાંક લે છે એના પર વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારની નજર રહેશે.

ઉપરાંત, આગામી મહિનામાં ફોરેન ફંડોનો રોકાણ વ્યુહ કેવો રહેશે અને ફંડ એલોકેશન કેવું રહેશે એના સંકેત મળવા સુધી દરેક ઉછાળે સાવચેતી આવશ્યક છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે ત્રિમાસિકમાં નબળા દેખાવ બાદ ભારતીય કંપનીઓની ત્રીજા ત્રિમાસિક ગાળાની કામગીરી પણ નબળી જોવા મળતા હવે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં આરબીઆઈની પોલિસી બેઠક પર ભારતીય શેરબજારની નજર રહેશે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ફેબ્રુઆરી ગોલ્ડ રૂ. ૭૯૪૧૯ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૯૪૮૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૯૩૯૩ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૯૬ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૭૯૪૬૮ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે માર્ચ સિલ્વર રૂ.૯૧૪૨૩ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૧૫૩૧ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૧૪૦૫ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૪૨૭ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૯૧૫૧૭ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રૂખ

ઈન્ફોસીસ લીમીટેડ (૧૮૭૪) : ઈન્ફોસીસ સુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૬૦ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂ.૧૮૫૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૮૮ થી રૂ.૧૯૦૧ સુધી તેજી તરફી ધ્યાન...!!!

વોલ્ટાસ લીમીટેડ (૧૫૦૦) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૪૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૧૫ થી રૂ.૧૫૨૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે.!!!

મહાનગર ગેસ (૧૨૮૦) : ૧૨૭૦ નો પ્રથમ તેમજ રૂ.૧૨૬૦ ના એલપીજી/સીએનજી/પીએનજી સપ્લાયર્સ સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૯૧ થી રૂ.૧૩૦૧ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે...!!!

એક્સીસ બેન્ક (૯૫૨) : પ્રાઈવેટ બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૬૧ થી રૂ.૯૭૨ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૯૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

જીન્દાલ સ્ટીલ (૯૦૨) : રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૮૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સ્ટીલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૧૯ થી રૂ.૯૨૬ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

સામેથી આવતી બીજી ટ્રેનમાં ક્ચડાયા: નેતાઓએ સંવેદના વ્યક્ત કરી

આગની અફવાથી પુષ્પક ટ્રેનમાંથી કુદેલા તેરના જીવ ગયા: હજુ પંદરથી વધુ લોકો સારવાર હેઠળ

મુંબઈ તા. ૧૩: આગથી અફવાથી જીવ બચાવવા કુદીને સામેથી આવતી ટ્રેનમાં ક્ચડાઈ જતા જીવ ગુમાવનારાઓના આંકડો ૧૩ પર પહોંચ્યો છે. હજુ ૧૫થી વધુ ઘાયલો સારવાર હેઠળ છે.

પુષ્પક એક્સપ્રેસ ટ્રેનમાં આગની અફવા બાદ મુસાફરોએ ડરના માર્યા ઉતાવળમાં બાજુના ટ્રેક પર કૂદવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન સામેથી આવતી બીજી ટ્રેની અડફેટે મુસાફરો આવી ગયા હતા અને અત્યારસુધી કુલ ૧૩ મુસાફરોના મોત થયા હતા જ્યારે ૧૫થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા.

આ અકસ્માત ઉત્તર મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પચોરા શહેર નજીક માહેજી અને પરધડે સ્ટેશન વચ્ચે થયો હતો. લખનૌ-મુંબઈ પુષ્પક એક્સપ્રેસ ટ્રેન નંબર ૧૨૫૩૩માં આગ લાગવાની અફવા ઉડી હતી. પોતાનો જીવ બચાવવા માટે, મુસાફરોએ બાજુના ટ્રેક પર કૂદી પડ્યા અને બેંગલુરુથી દિલ્હી જતી કર્ણાટક એક્સપ્રેસ સાથે અથડાયા. મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં લગભગ ૧૫ મુસાફરો ઘાયલ પણ થયા છે અને તેઓની સારવાર ચાલી રહી છે.

જો કે, રેલવે બોર્ડના સૂચના અને પ્રચાર વિભાગના કાર્યકારી નિર્દેશક દિલીપ કુમારે ટ્રેનની અંદર આગ લાગી હોવાનો ઈન્કાર કર્યો છે.

રેલવે અધિકારીઓ અકસ્માતનું સાચું કારણ શોધવામાં વ્યસ્ત છે. તે જ સમયે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં માર્યા ગયેલા મુસાફરોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પીએમ મોદીને ટાંકીને પીએમઓએ એક્સ પોસ્ટમાં લખ્યું, 'મહારાષ્ટ્રના જલગાંવમાં રેલવે ટ્રેક પર થયેલા દુઃખદ અકસ્માતથી હું દુખી છું. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું અને તમામ ઈજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું. અધિકારીઓ અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ મદદ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસથી એક વીડિયો જાહેર કરીને આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું, 'જલગાંવ જિલ્લાના પચોરા પાસે એક ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં લોકોએ જીવ ગુમાવ્યો, જે ખૂબ જ દુઃખદ છે, હું આ દુર્ઘટનામાં માર્યા ગયેલા મુસાફરોના પરિવારોને ૫ લાખ રૂપિયા આપીને તેમને શ્રદ્ધાંજલિ આપું છું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમણે 'X' પર લખ્યું, 'મહારાષ્ટ્રના જલગાંવમાં થયેલ ટ્રેન દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે. મેં આ સંબંધમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. સ્થાનિક પ્રશાસન ઘાયલોને તમામ શક્ય મદદ કરી રહ્યું છે. હું આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. રેલવે બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

ચેકની રકમ મુજબનો દંડ ભરવા હુકમ:

અઢી લાખના ચેક પરતના કેસમાં નગરના વેપારીને એક વર્ષની કેદ

જામનગર તા.૨૩ : જામનગરના દરબારગઢ વિસ્તારમાં દુકાન ચલાવતા એક આસામી સામે રૂ.અઢી લાખના ચેક પરતની કરાયેલી ફરિયાદ માં અદાલતે આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે.

જામનગરમાં વસવાટ કરતા સંજય શાંતિલાલ મકવાણા પાસેથી દરબારગઢ પાસે આવેલી પારેખ વેલજી સોમચંદ એન્ડ કું. નામની પેઢી વાળા પારેખ નિરવ ભરતભાઈ નામના આસામીએ રૂ.અઢી લાખ સંબંધદાવે ઉછીના મેળવી તેની પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો.

તે ચેક બેંકમાંથી પરત ફરતા સંજયભાઈએ નોટીસ આપ્યા પછી અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી નિરવ ભરતભાઈ પારેખને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની કેદ આપવામાં આવી છે. ફરિયાદી તરફથી વકીલ ભગીરથસિંહ ઝાલા, કલ્પેન રાજાણી રોકાયા હતા.

રૂ.૨૩ લાખનું રોકાણ પરત મેળવવા બે આસામીની રાવ:

જામનગરમાં રોકાણકારોને નવડાવી દેનાર પેઢી સામે ગ્રાહક ફોરમમાં ફરિયાદ

જામનગર તા.૨૩ : જામનગરમાં કેટલાક આસામીઓએ યુનિક મર્કન્ટાઈલ નામની પેઢીમાં રોકાણ કર્યા પછી પેઢી દ્વારા તે રકમ પરત આપવાની બદલે ઠેગો બતાવાઈ રહ્યો છે ત્યારે નગરના બે આસામીએ પોતાના રૂ.૨૩ લાખના રોકાણને પરત મેળવવા ગ્રાહક તકરાર ફોરમમાં ધા નાખી છે.

જામનગરમાં સાંઢીયા પુલ પાસે માધવ બાગમાં રહેતા સુનિલ ભીખાલાલ ખખ્ખર તેમજ રાજપાર્કવાળા વિજય તુલસીભાઈ નકુમ વગેરેએ અમદાવાદની યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા લિમિટેડ નામની પેઢીમાં રોકાણ કર્યું હતું.

ઉપરોક્ત બંને આસામીએ અનુક્રમે રૂ.૧૧ લાખ તથા રૂ.૧૦ લાખ રોક્યા પછી પ્લાનની મુદ્દત પૂર્ણ થયા પછી પણ યુનિક મર્કન્ટાઈલ દ્વારા પરત ચૂકવણી કરવામાં આવતી ન હતી. તેથી આ આસામીઓ એ જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં આ કંપની સામે ફરિયાદ નોંધાવી છે. કંપની સામે સમન્સ કાઢવામાં આવ્યું છે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	8,27,800
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	74,500
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	63,750
ચાંદી-૯૯૯ (૧ કીલો)	93,000

અંધેરી નગરીને ગંડુ રાજા... ટકે શેર ભાજી ટકે શેર ખાજા

પાકિસ્તાનના પંજાબમાં પતંગ ઉડાડનારને પાંચ વર્ષની જેલ અને રૂ. ૨૦ લાખનો દંડ

નવીદિલ્હી તા. ૨૩: પાકિસ્તાનના પંજાબમાં પતંગ ઉડાડવા ૫ વર્ષની જેલ અને ૨૦ લાખ દંડ થશે. પતંગ અને માંઝા બનાવનારાઓ માટે સજા અને દંડ વધુ કડક બનશે. આ કારણે પાકિસ્તાનને લઈને અવનવી કોમેન્ટો થઈ રહી છે. અને ટકે શેર ભાજી- ટકે શેર ખાજાની કહેવત યાદ કરાઈ રહી છે.

હવે પાકિસ્તાન સરકાર પતંગ ઉડાવવા અંગે કડક બની ગઈ છે. પતંગ ઉડાવવા ઉપરાંત, સરકાર હવે માંઝા બનાવવા અને ખોટા સમાચાર ફેલાવવા સામે પણ કડક કાર્યવાહી કરવા જઈ રહી છે. પાકિસ્તાનની પંજાબ સરકારે પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મૂકતા કાયદામાં સુધારો કર્યો છે, ત્યારબાદ તેને બિન-જામીનપાત્ર શ્રેણીમાં મૂકવામાં આવ્યો છે.

પતંગ ઉડાવવા બદલ ત્રણથી સાત વર્ષની જેલ અને ૨૦ લાખ પાકિસ્તાની રૂપિયા સુધીના દંડની પણ જોગવાઈ છે. પતંગ અને માંઝા બનાવનારાઓ માટે સજા અને દંડ વધુ કડક બનશે. તેને સાત વર્ષની જેલ અને ૫૦ લાખ પાકિસ્તાની રૂપિયા સુધીના દંડની સજા ફટકારવામાં આવી છે. દંડ ન ભરવા પર બે વર્ષની વધારાની જેલની સજા થઈ શકે છે. આ પ્રતિબંધ પતંગ, ધાતુના વાયર, નાયલોનની દોરી અને તીક્ષ્ણ દોરીવાળા અન્ય દોરા પરિવહન પર પણ લાગુ પડે છે. પંજાબમાં પતંગ ઉડાવવાથી થતા અકસ્માતો અને જાનમાલના નુકસાનને રોકવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગયા વર્ષ ઓગસ્ટમાં પંજાબ સરકારે પતંગ બનાવવા, ઉડાડવા અને વેચવાને બિનજામીનપાત્ર ગુનો જાહેર કર્યો હતો. પાકિસ્તાન સરકારે બુધવારે સાયબર નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે. ખોટા સમાચાર ફેલાવનારાઓને ત્રણ વર્ષ સુધીની જેલ અને ૨૦ લાખ પાકિસ્તાની રૂપિયાના દંડની સજા થશે. નેશનલ એસેમ્બલીમાં પ્રિવેન્શન ઓફ એમેન્ડમેન્ટ ઈલેક્ટ્રોનિક ક્રાઈમ્સ એક્ટ (પીએઆઈ) ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યો હતો. સ્પીકરે આ બિલને ચર્ચા માટે સ્થાયી સમિતિમાં મોકલ્યું છે. ભારતમાં નિયમોને લઈને કટાક્ષો થઈ રહ્યા છે, અને આતંકીઓની આળપંપાળ કરતા પાકિસ્તાના શાસકો પતંગબાજો પર કેમ ખફા થયા, તે અંગે અટકળો થઈ રહી છે. તે ઉપરાંત અવનવી કોમેન્ટો થઈ રહી છે, જેમાં અંધેરી નગરીને ગંડુરાજાવાળી કહેવત યાદ કરાવાઈ રહી છે.

ભાટીયામાં

નિઃશુલ્ક નેત્રયજ્ઞ

ભાટીયા તા. ૨૩: ભાટીયાના કિશોર ચેરી.ટ્રસ્ટ દ્વારા રણછોડદાસ બાપુ ચેરી. હોસ્પિટલના સહયોગથી તા. ૨૩-૧ના સવારે ૯ થી ૧૨ સુધી ભાટીયાના સરકારી દવાખાનામાં વિનામૂલ્યે ૧૧૪માં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જરૂરિયાતવાળા દર્દીના મોતીયાના ઓપરેશન રાજકોટ હોસ્પિટલમાં કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે. વધુ વિગતો માટે ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ દત્તાણીનો સંપર્ક કરવો.

હઝરત સૈયદના અમીરે મુઆવીયા

જામનગરમાં નવી નુરી મસ્જિદમાં તા. ૨૩-૧-૨૦૨૫ ના ઈશા નમાઝ પછી જશ્ને ઉર્ષમુબારક હઝરત સૈયદના અમીરે મુઆવીયા ઉર્ષ પ્રસંગે વાએઝ શરીફનો નુરી જલ્સો યોજેલ છે. જેમાં મૌલાના સુલેમાન બરકાતી અને મૌલાના સરફરાઝ સાહબ રઝવી પ્રસંગને અનુરૂપ નુરી તકરીર ફરમાવશે. જેની જમાતનો ટાઈમ ૮.૪૫ નો રહેશે. આ મહેફીલમાં સામેલ થવા જમાતીભાઈઓએ અનુરોધ કરેલ છે.

લાલપુર માર્કેટ યાર્ડ

મગફળી જીણી ૯૩૮	...૧૦૦૧	
મગફળી જાડી ૯૫૨	...૧૦૪૦	
કપાસ ૧૩૭૧	...૧૪૭૧	
જીરૂ ૨૬૭૦	...૩૬૦૦	
ઘઉં ૪૯૬	.....૫૦૦	
અળદ ૧૨૫૦	...૧૩૭૫	

અર્ક મનુષ્ય જન્મથી નહિં પરંતુ કર્મથી મહાન બને છે.

શબ્દવ્યૂહ ૭૦૭૧



આડી ચાવી

૧. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ----------(૬
૩. સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેનો સમય -------(૨
૪. ઓસડ, ઔષધ -------(૨
૫. સર્જનહાર, પરમાત્મા --(૨
૧૦. વડીલો માટે માનાર્થે વપરાતો શબ્દ --------(૧
૧૧. લોટી જેવું માટીનું પાત્ર -(૩
૧૪. માલિશ, રગડવું કે દબાવવું તે ----------(૩
૧૫. ચિત્ર, છબી ----------(૩
૧૬. ગુજરાતી મૂળાક્ષરોનો બાવીસમો વ્યંજન-----(૧
૧૯. સમારંભ, ધામધૂમપૂર્વકનો ઉત્સવ ----------(૪
૨૦. મકાન, રહેઠાણ-------(૨
૨૧. હિન્દુઓનો આસો માસની અમાસનો તહેવાર -----(૩

ઊભી ચાવી

૧. ભૂમિવાસી ----------(૩
૨. સમર્થન ----------(૨
૩. અષાઢ માસની અમાસનો હિન્દુ તહેવાર ---------(૩
૬. બગલો, ઠગારો -------(૨
૭. મેળવણી, મેળવવું કે ઉમેરવું તે ----------(૪
૮. પૃથ્વીનો ઉપગ્રહ -------(૨
૯. અધાર્મિક કે અનૈતિક કૃત્ય ----------(૨
૧૨. નિષ્પત્તિ, પરિણામ ----(૨
૧૩. ત્યાગ, ત્યજવું તે ------(૪
૧૭. રમણીય, મનોહર------(૩
૧૮. ખૂબ આળસું --------(૨
૧૯. માચીસની... ---------(૨

આડી ચાવી: (૨) દ્રૌપદી મૂર્મુ (૫) નાની (૬) મોભો (૭) મુસીબત (૯) કર (૧૨) નોંધારો (૧૩) તોરણ (૧૪) બોખલું (૧૫) ખાસડું (૧૬) પાળ (૧૭) સંનિધિ (૧૮) યામિની

ઉકેલ કોયડા નં. ૭૦૭૦

ઊભી ચાવી: (૧) મિત (૩) પદ (૪) ધૂની (૫) નાત (૬) મોર (૮) સીધું (૯) કદમબોસી (૧૦) દૂધારો (૧૧) મણકો (૧૩) તોલડું (૧૫) ખાલી (૧૬) પાની

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૮૯૯૯૯૦૮૮૭

મેષ (અ-લ-ઈ) — શુભ રંગ: ગુલાબી — શુભ અંક: ૮-૪
આપના કાર્યની સાથે બીજું કામ આવી જતા અન્ય સહકર્મીનું કામ આવી જતા આપના કાર્યભાર-શ્રમમાં વધારો થાય.

વૃષભ (બ-વ-ઉ) — શુભ રંગ: સફેદ — શુભ અંક: ૬-૯
આપના કાર્યની સાથે સંસ્થાકીય કામમાં, જાહેરક્ષેત્રમાં આપે વ્યસ્ત રહેવાનું બને. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

મિથુન (ક-છ-ઘ) — શુભ રંગ: વાઈન — શુભ અંક: ૩-૫
આપે તન-મન-ધનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. પારિવારિક પ્રશ્ને ચિંતા-ઉચાટ જણાય.

કર્ક (ડ-હ) — શુભ રંગ: મરૂન — શુભ અંક: ૧-૨
દેશ-પરદેશ, આયાત-નિકાસના કામમાં સાનુકૂળતા મળી રહે. નોકરી-ધંધાના કામ અંગે બહારગામ જવાનું થાય.

સિંહ (મ-ટ) — શુભ રંગ: ગ્રે — શુભ અંક: ૩-૬
આપના કાર્યની સાથે ઘર-પરિવાર, સગા-સંબંધી, મિત્રવર્ગના કામ અંગે વ્યસ્તતા જણાય. કામનો ઉકેલ આવે.

કન્યા (પ-ઠ-ણ) — શુભ રંગ: પિસ્તા — શુભ અંક: ૫-૬
પુત્ર-પૌત્રાદિકના સહકારથી કામમાં સરળતા અનુભવાય. પરદેશના કામકાજમાં પ્રગતિ જણાય. લાભ થાય.

તુલા (ર-ત) — શુભ રંગ: કેસરી — શુભ અંક: ૮-૪
કામકાજમાં પ્રતિકૂળતા જણાય. હરિફવર્ગ-ઈર્ષા કરનાર વર્ગ આપને મુશ્કેલીમાં મૂકે. વિવાદથી સંભાળવું.

વૃશ્ચિક (ન-ય) — શુભ રંગ: મેંદી — શુભ અંક: ૩-૯
આપના અગત્યના કામનો ઉકેલ આવવાને લીધે રાહત અનુભવાય. મહત્ત્વના નિર્ણય લઈ શકાય.

ધનુ (ભ-ધ-ફ-ઢ) — શુભ રંગ: જાંબલી — શુભ અંક: ૫-૭
આપના કામની સાથે કૌટુંબિક-પારિવારિક, સામાજિક-વ્યવહારિક કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને.

મકર (ખ-જ) — શુભ રંગ: પીળો — શુભ અંક: ૪-૬
આપના કાર્યની સાથે આડોશ-પાડોશના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. મિલન-મુલાકાતથી આનંદ અનુભવાય.

કુંભ (ગ-શ-ષ-સ) — શુભ રંગ: લાલ — શુભ અંક: ૧-૩
આપ ઠરો-ઠરો-કામ કરો, પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. પરિવારની ચિંતા જણાય.

મીન (દ-ચ-ઝ-થ) — શુભ રંગ: લીલો — શુભ અંક: ૨-૬
આપની બુદ્ધિ-અનુભવ, આવડત, મહેનતના આધારે કામનો ઉકેલ લાવી શકો. સીઝનલ ધંધામાં ઘરાકી જણાય.

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૭-૨૮ સૂર્યાસ્ત : ૬-૩૦

દિવસના ચોઘડીયા
(૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ

રાત્રિના ચોઘડીયા
(૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

વિક્રમ સંવત: ૨૦૮૧, પોષ વદ-૧૦ : તા. ૨૩-૦૧-૨૦૨૫, ગુરૂવાર
જૈન સંવત: ૨૫૫૧, શાલિવાહન: ૧૯૪૬, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૧૩, મુસ્લિમ રોજ: ૨૩, નક્ષત્ર: અનુરાધા, યોગ: વૃદ્ધિ, કરણ: બવ

જન્મેલાનું વર્ષફળ

તા. ૨૩ - જાન્યુઆરીના દિવસે

આ સમયમાં નોકરી-ધંધામાં આવેશ-ઉશ્કેરાટમાં આવ્યા વગર કામ કરવું. મહત્ત્વના નિર્ણય લેવામાં સાવધાની રાખવી. આપની મહેનતના પ્રમાણમાં આપને યશ-સફળતા મળે નહીં. વાદ-વિવાદ, ગેરસમજથી સંભાળવું પડે. આપે સતત સ્વાસ્થ્યની બાબતમાં સજાગ રહેવું. કૌટુંબિક-પારિવારિક કોઈને કોઈ ચિંતા-ઉચાટ રહ્યાં કરે. યાત્રા-પ્રવાસ થાય.

બાળકની રાશિ: વૃશ્ચિક